RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 6 * Issue No. 147* Date: 26.03.2022 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કેશવ પ્રસાદ મૌર્ય ફરી બન્યા નાયબ મુખ્યમંત્રી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોગી આદિત્યનાથે યુપીના મુખ્યમંત્રી પદના સોગંદ લીધા

લખનૌ,તા.૨૫

યોગી આદિત્યનાથે આજે બીજીવાર ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં આ સાથે જ તેઓ પ્રદેશના પહેલા એવા મુખ્યમંત્રી બની ગયા છે જેમણે પાંચ વર્ષનો કાર્યકાળ પુરો કર્યા બાદ ફરી સત્તા સંભાળી છે.ગુરૂવારે યોગી આદિત્યનાથને સર્વસમ્મતિથી વિધાનસભા પક્ષના નેતા ચુંટવામાં આવ્યા બાદ રાજયપાલ આનંદીબેન પટેલની સાથે સરકાર બનાવવાનો દાવો રજુ કર્યો હતો

આજે બરાબર ચાર વાગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં શપથ ગ્રહણમાં સૌથી પહેલા યોગી આદિત્નાથે યુપીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ત્યારબાદ કેશવ પ્રસાદ મોર્ય અને બ્રિજેશ પાઠકે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. ત્યારબાદ મંત્રી તરીકે સૂર્ય પ્રતાપ શાહી, સુરેશ ખન્ના, સ્વતંત્ર દેવ સિંહ, બેબી રાની મોર્ય અને લક્ષ્મીનારાયણ ચૌધરીએ શપથ લીધા. આ ઉપરાંત જે રાજયમંત્રીઓએ સોગંદ લીધા હતાં તેમાં મયંકેશ્વર સિંહ, દિનેશ ખટીક, સંજીવ ગૌડ,બલદેવ સિંહ ઓલખ અજીત પાલ જસવંત સૈની,રામકેશ નિષાદ,મનોહર લાલ મન્નુ કોરી,સંજય ગંગવાર,બ્રજેશ સિંહ,કે પી મલિક,સુરેશ રાહી સોમેદ્ર તોમર અનુપ પ્રધાન વાલ્મિકી,પ્રતિભા શુકલા રાકેશ રાઠોડ ગુરૂ,રજની તિવારી સતીષ શર્મા દાનિશ આઝાદ અંસારી વિજય લક્ષ્મી ગૌતમ સામેલ છે.

યોગી સરકારમાં રાજયમંત્રી સ્વતંત્ર પ્રભાર તરીકેના મંત્રીઓમાં નિતિશ અગ્રવાલ,કપિલ દેવ અગ્રવાલ રવીન્દ્ર જાયસવાલ સંદીપ સિંહ ગુલાબ દેવી ગિરીશચંદ્ર યાદવ ધર્મવીર પ્રજાપતિ અસીમ અરૂણ જેપીએસ રાઠોડ દયાશંકર સિંહ નરેન્દ્ર કશ્યપ દિનેશ પ્રતાપ સિંહ અરૂણકુમાર સકસેના અને દયાશંકર દયાલુ સામેલ છે.

નિષાદ સમાજમાં સારી પકકડ રાખનાર સંજય નિષાદને પણ મંત્રી બનાવ વામાં આવ્યા છે તેમની નિષાદ પાર્ટી પણ છે.આશીષ પટેલને યોગી સરકારમાં મંત્રી બનાવવામાઉં આવ્યા છે. વર્તમાનમાં તે એમએલસી છે. યોગેન્દ્ર ઉપાધ્યાયને મંત્રી પદ મળ્યું છે ઉપાધ્યાય આગ્રા દક્ષિણ બેઠકથી ધારાસભ્ય છે સતત ત્રીજીવાર તે વિધાનસભા પહોંચ્યા છે.પશ્ચિમી યુપીના બ્રાહ્મણ સમાજમાં તેમની સારી પકકડ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના માનવામાં આવતા અરવિંદકુમાર શર્માને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે.તે ગુજરાત કેડરના આઈએએસ અધિકારી રહ્યાં છે મૂળ રીતે તે મઉના રહેવાસી છે.

રાકેશ સચાનને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે સચાન કોંગ્રેસ અને સપા સરકારમાં પણ મંત્રી રહી ચુકયા છે કુર્મી સમુદાયમાં તેમની સારી પકકડ છે.કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ બ્રાહ્મણ સમાજના અગ્રણી જિતિન પ્રસાદને પણ યોગી સરકારમાં સ્થાન મળ્યું છે. અનિલ રાજભરને યોગી સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા છે પૂર્વાચલમાં રાજભર સમાજમાં તેમની સારી પકકડ છે.

તમામ મંત્રીઓને રાજયપાલ આનંદીબેન પટેલે સોગંદ લેવડાવ્યા હતાં.મંત્રીમંડળની સોગંદવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ દેશના ઉદ્યોગપતિઓ,સાધુ સંતો વગેરે હાજર રહ્યાં હતાં.આ ઉપરાંત ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ પણ સોગંદવિધિમાં હાજરી આપી હતી

પીએમ મોદી શપથ ગ્રહણ સમારોહ પહેલા સ્થળ પર પહોંચ્યા કે તરત જ તેમનું શંખ અને ટ્રમ્પેટ સાથે સ્વાગત કરવામાં આવ્યું. આખો વિસ્તાર સુત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યો હતો. પીએમ ભગવા ગમછા સાથે પહોંચ્યા છે. સીએમ યોગી આદિત્યનાથે તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સીએમ યોગી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાજુમાં બેઠા હતાં. મંચ પર હાજર ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, અન્ય રાજયોના મુખ્યમંત્રીઓના ચહેરા પર વિજયનું સ્મિત જોવા મળ્યું હતું



યોગીના રાજયાભિષેકને લઈને તેમના સમર્થકોમાં ભારે ખુશી જોવા મળી હતી યોગીના શપથ પહેલા, તેમના સમર્થકો તેમના લખનૌ નિવાસની બહાર બુલડોઝર સાથે આવ્યા હતા. એક સમર્થકે કહ્યું કે બાબાનું બુલડોઝર નીકળી ગયું છે. ગુનેગારોએ કાં તો રાજય છોડી દેવું જોઈએ અથવા ઘરમાં બેસી જવું જોઈએ.સોગંદ વિધિ સમારંભ ઈકાના સ્ટેડિયમમાં યોજાયો હતો.આ સ્ટેડિયમ ખિચોખીચ ભરાઈ ગયું હતું સમારંભમાં ભારત માતા કી જયના સુત્રોચ્ચાર લગાવવામાં આવી રહ્યાં હતાં સોગંદવિધિ પહેલા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સમગ્ર લખનૌમાં મોદી અને યોગીના મોટા મોટા બેનર હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતાં એરપોર્ટથી લઇ લખનૌ સુધી ભાજપનો ઝંડો ઠેર ઠેર લગાવવામાં આવ્યો હતો સમગ્ર ઉત્તરપ્રદેશમાંથી ભાજપ સમર્થકો સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતાં.ભાજપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેઓ કલાકો પહેલા સ્ટેડિયમમાં પહોંચી ગયા હતાં.

## કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશીકરણ માટે ૧૦૭ ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મુકયો

નવીદિલ્હી,તા.૨૫

સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશીકરણ માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે આયાતને અંકુશમાં લેવા માટે ૧૦૭ સબ-સિસ્ટમ્સ અને ઈક્વિપમેન્ટ્સની નવી યાદી બહાર પાડી છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રતિબંધ હેઠળ, ડિસેમ્બર ૨૦૨૨ થી શરૂ થતા છ વર્ષના સમયગાળા દરમિયાન અલગ-અલગ સમયગાળામાં તેમની આયાતને મંજૂરી આપવામાં આવશે નહીં.મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા અને આત્મનિર્ભર ભારત હેઠળ સંરક્ષણ જાહેર ક્ષેત્રના સ્થાપનોની આયાત ઘટાડવાના દૃષ્ટિકોણથી, ૧૦૭ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ લાઈન રિપ્લેસમેન્ટ યુનિટ્સ સબ-સિસ્ટમ" બનાવવામાં આવી છે. મંજૂર. આ મંજૂરી સમય મર્યાદા સાથે આપવામાં આવી છે, ત્યારબાદ તેમની આયાત પર પ્રતિબંધ રહેશે.

નિવેદન અનુસાર, આ એકમો/સબ-સિસ્ટમ્સ આગામી વર્ષોમાં સ્વદેશી રીતે બનાવવામાં આવશે અને નિર્ધારિત સમયમર્યાદા પછી જ ભારતીય ઉદ્યોગો પાસેથી પ્રાપ્ત કરવામાં આવશે. આ યાદીમાં હેલિકોપ્ટર, સબમરીન, ટેંક, મિસાઈલ અને કોમ્યુનિકેશન સિસ્ટમ વગેરેના ઉત્પાદન માટે જરૂરી સાધનોનો સમાવેશ થાય છે. આમાંના ઘણા સાધનો અને સિસ્ટમો હાલમાં રશિયા પાસેથી ખરીદવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે ગયા વર્ષે ડિસેમ્બરમાં, સંરક્ષણ મંત્રાલયે નિર્ધારિત સમયગાળાથી આયાત પર પ્રતિબંધ અંગે ૨,૮૫૧ સબ-સિસ્ટમ અને ભાગોની યાદી બહાર પાડી હતી. નવી સૂચિમાં આયાત પ્રતિબંધ માટે ઓળખવામાં આવેલા કેટલાક સ્પેર અને પેટા-સિસ્ટમનો ઉપયોગ સ્વદેશી રીતે વિકસિત એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર,લાઈટ યુઝ હેલિકોપ્ટર,ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, એસ્ટ્રા મિસાઈલ,૯૦ નો ઉપયોગ ટાંકી અને લશ્કરી લડાયક વાહનોના ઉત્પાદન માટે થાય છે.

સંરક્ષણ મંત્રાલયની યાદીમાં ૨૨ ઉત્પાદનોનો સમાવેશ થાય છે જે જાહેર ક્ષેત્રના હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવશે. જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દેશમાં ૨૧ સબ-સિસ્ટમનું ઉત્પાદન કરશે. મઝાગોન ડોક શિપબિલ્ડર્સ દેશમાં જહાજો અને સબમરીનના નિર્માણમાં ઉપયોગમાં લેવાતા છ સાધનો અને સબ-સિસ્ટમનું ઉત્પાદન કરશે. તે જ સમયે, ભારત ડાયનેમિક્સ લિમિટેડને એસ્ટ્રા મિસાઈલ માટે ચાર ઘટકોના સ્વદેશીકરણની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ૧૨ સાધનો બીઈએમએલ લિમિટેડની જવાબદારી હેઠળ આવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ વસ્તુઓનું સ્વદેશીકરણ 'મેક' શ્રેણી હેઠળ સંરક્ષણ પીએસયુએસ દ્વારા કરવામાં આવશે. નોંધનીય છે કે દેશમાં સંરક્ષણ ઉત્પાદનને વેગ આપવા માટે સરકારે અનેક પગલાંની જાહેરાત કરી હતી. ભારત વૈશ્વિક સ્તરે શસ્ત્રોના સૌથી મોટા આયાતકારોમાંનો એક છે. એક અંદાજ મુજબ, ભારતીય સશસ્ત્ર દળો આગામી પાંચ વર્ષમાં લગભગ ૧૩૦ બિલિયન મૂડી પ્રાપ્તિમાં ખર્ચ કરશે.

### નીતીશની સભામાં ઝુમતો ઝુમતો શરાબી પહોંચી ગયો

## રાજયમાં સરકારની જગ્યાએ સર્કસ ચાલી રહ્યું છે, દારૂ શોધવાનું નાટક : તેજસ્વી યાદવ

પટણા,તા.૨૫

બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારની સભામાં એક શરાબી પહોંચી ગયો અને તેણે ખુબ હંગામો કર્યો તે વ્યક્તિએ પોલીસને પણ ખુબ ગાળો આપી હતી.મુખ્યમંત્રી નીતીશકુમારના કાર્યક્રમમાં શરાબી પહોંચવાથી પ્રશાસનની ખુબ ટીકા થઈ અને તેને સુરક્ષામાં ચુક પણ માનવામાં આવી રહી છે.એ યાદ રહે કે બિહારમાં શરાબ પર પ્રતિબંધ છે પરંતુ આ ધટના બતાવે છે કે બિહારમાં શરાબ પર કેટલો પ્રતિબંધ છે.આ ધટનાને લઈ વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે પણ નીતીશકુમારને નિશાન પર લીધા હતાં.

મુખ્યમંત્રી નીતીશકુમાર પર ટીપ્પણી કરતા તેજસ્વી યાદવે લખ્યું કે મુખ્યમંત્રીની પાસે પુરાવો ખુદ ચાલીને આવ્યો એટલા માટે કહું છે કે બિહારમાં સરકાર નહીં સર્કસ ચાલી રહ્યું છે.ડ્રોન,હેલિકોપ્ટર અને સ્પેશલ પ્લાન અને પ્લેનથી પણ શરાબ શોધવાનું નાટક થઈ રહ્યું છે પરંતુ અહીં શરાબી સરળતાથી મુખ્યમંત્રીજીની સભાઓમાં ઉજવણી કરે છે. એ યાદ રહે કે મુખ્યમંત્રી નીતીશકુમાર નાલંદા જીલ્લામાં એક જનસંવાદ કાર્યક્રમને સંબોધિત કરવા પહોંચ્યા હતાં પરંતુ મુખ્યમંત્રી પહોંચે તે પહેલા જ એક વ્યક્તિ નશામાં પહોંચી ગયો અને તેણે ખુબ હંગામો કર્યો મુખ્યમંત્રીની સુરક્ષામાં સેંકડો પોલીસ કર્મચારીઓ તહેનાત હતાં પરંતુ તેઓને કિનારે કરી આ શરાબી કાર્યક્રમ સ્થળ સુધી પહોંચી ગયો અને તેણે પોલીસ કર્મચારીઓને પણ ગાળો આપી હતી આ ધટનાને મુખ્યમંત્રીની સુરક્ષામાં ચુક પણ માનવામાં આવી રહી છે.

બિહારમાં શરાબ પર પુરી રીતે પ્રતિબંધ છે પરંતુ સરકાર પર સતત આરોપ લગાવવામાં આવી રહ્યાં છે કે બિહારમાં શરાબનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે.વિરોધ પક્ષ તો ત્યાં સુધી કહે છે કે હવે બિહારમાં શરાબની હોમ ડિલીવરી થઈ રહી છે.મુખ્યમંત્રી નીતીશકુમાર લોકોને જાગૃત કરવા માટે જાગૃતિ અભિયાન પણ ચલાવી રહ્યાં છે.

આ પહેલા બિહાર સરકારે એક આદેશ જારી કર્યો હતો જે હેઠળ પ્રશાસન ડ્રોનથી શરાબના અડ્ડાઓને બરબાદ કરશે ત્યારબાદ પણ ફેબ્રુઆરીમાં એક નવો આદેશ જારી થયો જે હેઠળ બિહાર સરકારે હેલીકોપ્ટરથી સર્વે કરી ગેરકાયદેસર શરાબના ધંધા પર અંકુશ લગાવવાની તૈયારી શરૂ કરી દીધી છે એ યાદ રહે કે આ સમગ્ર અભિયાનનો રિપોર્ટ મુખ્યમંત્રી નીતીશકુમાર સ્વયં લે છે અને પથી ૬ કલાક દરરોજ આ અભિયાન ચલાવે છે. આમ છતાં રાજયમાં ઝેરીલી શરાબ પીવાથી અનેકના મોત થયા છે.

## કાશ્મીરી પંડિતોએ ૧૯૮૯-૯૦ના નરસંહારની તપાસ માટે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા

નવીદિલ્હી,તા.૨૫

કાશ્મીરી પંડિતોએ ફરી એકવાર ૧૯૮૯-૯૦ના નરસંહારની તપાસ માટે સુપ્રીમ કોર્ટનો દરવાજે પહોંચ્યા છે. કાશ્મીરી પંડિતોના સંગઠન રૂટ્સ ઈન કાશ્મીરે સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટિશન દાખલ કરીને આ મામલાની ફરીથી તપાસની માંગ કરી છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે આ મામલાની રિવ્યુ પિટિશનને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, હત્યાકાંડના ૨૭ વર્ષ પછી કેદ સંબધિત પુરાવા એકત્ર કરવા મુશ્કેલ છે.સુપ્રીમ કોર્ટમાં દાખલ નવી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ૩૩ વર્ષ બાદ સુપ્રીમ કોર્ટને ૧૯૮૪ના રમખાણોની તપાસ કરાવવામાં આવી છે. આ કિસ્સામાં પણ એવું જ કરવું જોઈએ.

કાશ્મીરી પંડિતો પર બનેલી ફિલ્મ 'કાશ્મીર ફાઈલ્સ' રિલીઝ થયા બાદ ફરી એકવાર કાશ્મીરી પંડિતોનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. કાશ્મીરી પંડિતોના સંગઠન રૂટ્સ ઈન કાશ્મીર ફરી એકવાર ૧૯૮૯-૯૦ના નરસંહારની તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં ગયા છે. કાશ્મીર સંસ્થાનાં રૂટ્સનું કહેવું છે કે, જો ૩૩ વર્ષ બાદ ૧૯૮૪ના રમખાણોની તપાસ થઈ શકે તો કાશ્મીરી પંડિતોના નરસંહારની પણ તપાસ થઈ શકે છે. કાશ્મીર ઘાટીમાંથી વિસ્થાપિત થયેલા કાશ્મીરી પંડિતોને ૩૧ વર્ષ પૂર્ણ થયા છે. ૧૯ જાન્યુઆરી ૧૯૯૦ ના રોજ લાખો કાશ્મીરી પંડિતોએ તેમનું ઘર છોડવું પડ્યું હતું. ત્રણ દાયકા પછી પણ તેઓ કાશ્મીર ઘાટીમાં પરત ફરી શક્યા નથી. જેના કારણે તેઓ ખૂબ નારાજ છે. જો કે આટલા વર્ષો વીત્યા બાદ પણ ૧૯ જાન્યુઆરીની રાત્રે લોકો સાથે જે કંઈ પણ થયું, તે બધું હજી પણ તેમના મગજમાંથી દૂર નથી થયું.

કાશ્મીરમાં ફેલાયેલા આતંકવાદથી કાશ્મીરી પંડિતો સૌથી વધુ પ્રભાવિત થયા હતા. તેઓ હજુ પણ પોતાના ઘરે પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. તેઓનાં મનમાં દરરોજ એક જ પ્રશ્ન ઉદભવે છે કે ક્યારે તેમને તેમનાં ઘરે જવાનો મોકો મળશે. આને લઈને કાશ્મીરી પંડિત સમુદાયે જમ્મુમાં સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન પણ કર્યું છે. તેઓનો પ્રશ્ન એ છે કે શું તેમના માટે કોઈ માનવ અધિકાર નથી.

## ચીનના વિદેશ મંત્રી એસ જયશંકર વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત થઈ



નવીદિલ્હી,તા.૨૫

ભારતની મુલાકાતે આવેલા ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ તેમના સમકક્ષ એસ જયશંકર સાથે મુલાકાત કરી છે. આ પહેલા તેઓ આજે સવારે દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને મળ્યા હતા. વાંગ યી શુક્રવારે સવારે NSA અજીત ડોભાલની સાઉથ બ્લોક ઓફિસમાં તેમને મળવા પહોંચ્યા હતા. ચીનના વિદેશ મંત્રી ગુરુવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા.

તેમની મુલાકાતનો મુખ્ય હેતુ કોરોના મહામારી પછી બંને દેશો વચ્ચે સીધી વાતચીત શરૂ કરવાનો છે. તેઓ આ વર્ષે યોજાનારી બ્રિક્સ દેશોની બેઈજિંગ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રિત પણ કરવાના છે. જયશંકરે ચીનના સમકક્ષ સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી છે. મંત્રણા શરૂ થાય તે પહેલા તેમણે ચીનના વિદેશ મંત્રીને ટ્વિટ કર્યું કે, 'વાંગ યીનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત છે.' વાંગ યીએ દિલ્હી પહોંચતા પહેલા ઈસ્લામાબાદમાં ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનની બેઠકમાં ભાગ લીધો હતો.

## લોકસભાની ૨૦૨૪ની ચુંટણીમાં પણ અખિલેશની સાથે જ રહીશું : ઓપી રાજભર

લખનૌ,તા.૨૫

ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથ ભાજપની પ્રચંડ જીત બાદ એકવાર ફરી મુખ્યમંત્રી બન્યા છે.જયારે વિરોધ પક્ષ પોતાની હારની સમીક્ષામાં લાગ્યા છે આ દરમિયાન એક ટીવી ચેનલથી વાતચીત કરતા સુહેલદેલ ભારતીય સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઓમપ્રકાશ રાજભરેથી સવાલ કરવામાં આવ્યો કે યોગીની જીત બાદ તમને ભાજપનો સાથ છોડવાનો અફસોસ છે તેનો જવાબ તેમણે આપ્યો હતો તેમણે કહ્યું કે પાર્ટીને કોઈ અફસોસ નથી અને લોકસભાની ચુંટણીમાં પણ અમારી પાર્ટી અખિલેશની સાથે જ રહેશે

રાજભરેને પત્રકારે પુછયું કે ૨૦૧૭ વિધાનસભા ચુંટણી બાદ તમને યોગી આદિત્યનાથની સરકારમાં મંત્રી પદ આપવામાં આવ્યું હતું જયારે તેમનાથી અલગ થયા તો હારનો સામનો કરવો પડયો તે વાતનું દુખ છે તેના જવાબમાં રાજભરે કહ્યું કે અમને હાર કયાં મળી છે અમે તો ચાર બેઠકોમાંથી સાત બેઠકો પર આવી ગયા છીઅ,ઓપી રાજભરે ભાજપ પર ટીપ્પણી કરતા કહ્યું કે તે લોકો કહે છે કે અમારા કારણે તેમને ચાર બેઠકો મળી છે.આ વખતે તો અમે ત્રણ વધુ બેઠકો જીતીને આવ્યા છીએ.આઝાદી બાદ પહેલીવાર જહુરાબાદમાં કોઈને આટલી મોટી માત્રામાં મત મળ્યા છે. ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણીમાં હાર બાદ અખિલેશ યાદવની મુલાકાતને લઈ રાજભરે કહ્યું કે તેમને મળી અમે લગભગ બે કલાક આગળની રણનીતિ પર ચર્ચા કરી છે.તેમણે કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચુંટણીના વિષય પર તેમણે કહ્યું કે અમે તેની બાબતમાં સપા પ્રમુખથી ચર્ચા કરી રહ્યાં છે અમે પાછળની વાતો છોડી હવે આગળની તૈયારી શરૂ કરી દીધી છે અને લોકસભા ચુંટણી પણ સાથે લડીશું

## તંત્રી સ્થાનેથી...

# મહત્ત્વપૂર્ણ નિર્ણય

તમામ મત-મજહબવાળા માટે તલાક, ગુજારા ભથ્થું, વારસાઈ, વિવાહની ઉંમર, બાળકોને દત્તક લેવા અને વારસા સંબંધી નિયમો એકસમાન બનાવવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટની સુનાવણી એટલા માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે જો આ તમામ બાબતોમાં એક જેવા નિયમો બની જાય છે તો સમાન નાગરિક સંહિતાનો ઉદ્દેશ્ય પૂરો થઈ જશે. થવું તો એ જોઈતું હતું કે અત્યાર સુધી આ ઉદ્દેશ્ય પૂરો થઈ જવો જોઇતો હતો, કારણ કે બંધારણના નીતિ નિર્દેશક તત્ત્વોમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે રાજ્ય સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં આગળ વધશે. જો એવું નહીં થઈ શકે તો કેટલાક પક્ષોના નકારાત્મક વલણો, અલ્પસંખ્યકોના તુષ્ટીકરણની રાજનીતિ અને આ દુષ્પ્રચારને કારણે કે તેનાથી વિભિન્ન સમુદાયોના રીત-રિવાજોમાં બિનજરૂરી હસ્તક્ષેપ ગણાશે. દુર્ભાગ્યે આ દુષ્પ્રચાર હજુ પણ ચાલુ છે. વિચિત્ર વાત એ છે કે સુપ્રીમ કોર્ટની સાથે સાથે વિભિન્ન હાઇકોર્ટો પણ સમયે સમયે સમાન નાગરિક સંહિતાની જરૂરિયાત રેખાંકિત કરી ચૂકી છે, તેમ છતાં આવા દુષ્પ્રચાર ચાલે છે. તથ્ય એ પણ છે કે ગોવામાં સમાન નાગરિક સંહિતા પહેલેથી જ લાગુ છે અને ત્યાં તમામ સમુદાયોના લોકો રહે છે.

આખરે જે વ્યવસ્થા ગોવામાં કોઈ અડચણ વિના લાગુ છે, તે બાકી દેશમાં કેમ લાગુ ન થઈ શકે? પ્રશ્ન એ છે કે જ્યારે અન્ય કેટલાય લોકતાંત્રિક દેશોમાં સમાન નાગરિક સંહિતા લાગુ છે તો ભારતમાં તેનો વિરોધ કેમ થાય છે? આ પ્રશ્ન એટલા માટે અનુત્તરિત છે, કારણ કે અત્યાર સુધી કોઈ સરકારે સમાન નાગરિક સંહિતાનો મુસદ્દો સુદ્ધાં તૈયાર કરવાની જહેમત નથી કરી. કમ સે કમ હવે તો એ કામ અવશ્ય થવું જ જોઇએ, જેથી એના પર વ્યાપક વિચાર-વિમર્શ થઈ શકે. એ હાસ્યાસ્પદ છે કે એક તરફ બંધારણની દુહાઈ આપીને એમ કહેવામાં આવે છે કે કાયદાની નજરમાં બધા જ સરખા છે અને બીજી તરફ અલગ-અલગ સમુદાયો માટે છૂટાછેડા, ગુજારા ભથ્થું, વારસાઈ વગેરે સંબંધિત નિયમો અલગ-અલગ ચાલી રહ્યા છે. સમાન નાગરિક સંહિતાના અભાવમાં જ વિભિન્ન સમુદાયોના લોકોમાં પરસ્પર એક્તાનો એ ભાવ જોવા નથી મળતો, જે આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. એ સમજવાની જરૂર છે કે સમાન નાગરિક સંહિતાનું નિર્માણ દેશની જનતાને જોડવાની સાથે જ તેમનામાં એ ભાવ જગાવવાનું પણ કામ કરશે કે તે બધા એક જ કાયદા સાથે બંધાયેલા છે. ખબર નહીં સુપ્રીમ કોર્ટ તમામ સમુદાયો માટે તલાક, ગુજારા ભથ્થું, વારસાઈ, વિવાહની ઉંમર, દત્તક લેવા અને વારસા સંબંધી નિયમો એક જેવા બનાવવાની માંગ કરતી અરજી પર કેવો ચુકાદો આપશે, પરંતુ તેણે કંઇક એવું તો કરવું જ જોઈએ, જેનાથી દેશ સમાન નાગરિક સંહિતાની દિશામાં આગળ વધી શકે

# ઉત્તરપ્રદેશના મદરેસાઓમાં રાષ્ટ્રગીત ગાવાનું ફરજિયાત કરવામાં આવ્યું



,લખનૌ,તા.૨૫

ઉત્તર પ્રદેશ મદરેસા એજ્યુકેશન કાઉન્સિલે નવા સત્રથી તમામ સહાયિત અને બિન-સહાયિત મદરેસાઓમાં રાષ્ટ્રગીત ગાવાનું ફરજિયાત બનાવ્યું છે. દરેક મદરેસાએ વર્ગો શરૂ કરતા પહેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા અન્ય પ્રાર્થના સાથે રાષ્ટ્રગીત ગાવાનું રહેશે. કાઉન્સિલે ગુરુવારે તેની બેઠકમાં મુનશી-મૌલવી, આલીમ, કામિલ અને ફાઝિલની પરીક્ષાઓ ૧૪ મેથી ૨૭ મે સુધી લેવાનો પણ નિર્ણય લીધો હતો.

૨૦ મે પછી માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળાઓમાં ઉનાળુ વેકેશન અને ઉત્તર પ્રદેશ બોર્ડની ઉત્તરવહીના મૂલ્યાંકનના કારણે મદરેસા બોર્ડની પરીક્ષાઓ રાજ્ય સહાયિત મદરેસાઓ અને કાયમી માન્યતા પ્રાપ્ત મદરેસાઓમાં લેવામાં આવશે. આલિયા કક્ષાની, જો કોલેજો ખાલી ન હોય. પરીક્ષાની પવિત્રતા જાળવવા દરેક પરીક્ષા ખંડમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. ગુરુવારે મદરેસા બોર્ડના પ્રમુખ ઈફ્તિખાર અહેમદ જાવેદની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે મદરેસા બોર્ડમાં હવે છ પેપરની તપાસ કરવામાં આવશે. જેમાં પ્રાથમિક શિક્ષણ ઉપરાંત ધોરણ ૧ થી ૮ સુધીના અભ્યાસક્રમમાં હિન્દી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રો હશે. એ જ રીતે માધ્યમિક (મુનશી-મૌલવી)માં અરબી-ફારસી સાહિત્યની સાથે દિનીયત સહિતનો વિષય રાખવામાં આવશે. બાકીના પ્રશ્નપત્ર હિન્દી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન માટે અલગ હશે. બેઠકમાં એવો નિર્ણય લેવાયો હતો કે મદ્રેસાઓમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને કારણે જે અનુદાનિત મદરેસાઓમાં શિક્ષકોની સંખ્યા વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં વધુ છે તેવા મદરેસાના શિક્ષકો, જ્યાં શિક્ષકો ઓછા છે તેવા મદરેસાના શિક્ષકો માટે દરખાસ્ત કરવામાં આવશે. એડજસ્ટમેન્ટ માટે સરકારને મોકલવામાં આવશે. બેઠકમાં અંગ્રેજી શિક્ષણ લઈ રહેલા મદરેસા શિક્ષકોના પુત્ર-પુત્રીઓની માહિતી મેળવવા માટે સર્વે કરવાનો નિર્ણય લેવાયો હતો.

## જમ્મુ-કાશ્મીર પોલીસ એક્શનમાં

# આતંકવાદીઓના સહયોગીઓને આશરો આપનારાઓની મિલકતો જપ્ત કરાઈ

શ્રીનગર,તા.૨૫

જમ્મુ અને કાશ્મીર પોલીસે ગેરકાયદેસર પ્રવૃતિ નિવારણ અધિનિયમ હેઠળ આતંકવાદીઓને અથવા તેમના સહયોગીઓને આશ્રય આપનારા લોકોની સંપત્તિ જપ્ત કરવાનું શરૂ કર્યું છે. આ નવું પગલું ખાસ કરીને શ્રીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારમાં આતંકવાદ સંબંધિત ઘટનાઓમાં ઉછાળાને પગલે આવ્યું છે.

શ્રીનગર પોલીસે તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર લખ્યું છે કે, "અમુક સ્થાવર મિલકતોને જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેનો ઉપયોગ યુએલપી એક્ટની કલમ ૨ જી અને ૨૫ મુજબ ઉગ્રવાદના હેતુ માટે કરવામાં આવ્યો છે. ઉગ્રવાદીઓ કે સાથીઓને આશ્રય આપશો નહીં. કાનૂની કાર્યવાહી પ્રોપર્ટી એટેચમેન્ટ દ્વારા પૂરક કરવામાં આવશે." તેમાં કહેવામાં આવ્યું છે કે, "આતંકવાદીઓ અને આતંકવાદીઓને આશ્રય આપશો નહીં. કાનૂની કાર્યવાહી સાથે મિલકત પણ જોડવામાં આવશે." શ્રીનગરના એસએસપી રાકેશ બલવાલે જણાવ્યું હતું કે જે ઘરોમાં એક્કાઉન્ટર થયું હતું અને જે ઘરોમાં આતંકવાદીઓએ આશ્રય લીધો હતો અને સુરક્ષા દળો અને નાગરિકો પર હુમલો કરવાની યોજના બનાવી હતી તે ઘરોને જોડવામાં આવશે.

# PRESIDENT OF INDIA PRESENTS PRESIDENT'S COLOUR TO INS VALSURA

Ahmedabad, 25 March 2022

Shri Ram Nath Kovind, the Hon`ble President of India presented the prestigious President`s Colour to Indian Naval Ship (INS) Valsura on 25 March 2022. The 'Nishan Adhikari' Lieutenant Arun Singh Sambyal received the President`s Colour on behalf of the unit, in an impressive parade. The unit paraded a 150-men Guard of Honour for Hon`ble President. Over 800 officers and men of INS Valsura, looking spectacular in their ceremonial dresses, marched proudly to the tunes of the Naval Band.

Shri Acharya Devvrat, the Hon`ble Governor of Gujarat, Admiral R Hari Kumar, Chief of the Naval Staff, Vice Admiral MA Hampiholi, Flag Officer Commanding-in-Chief, Southern Naval Command along with other senior civil and military dignitaries graced the occasion.

The President`s Colour is bestowed upon a military unit in recognition of exceptional service rendered to the nation, both in peace and in war. The Indian Navy was the first Indian Armed Force, to be awarded the President`s Colour by Dr Rajendra Prasad on 27 May 1951.

The legacy of INS Valsura dates back to 1942, when the operational necessity mandated creation of an advanced Torpedo Training Facility to enhance the firepower of the Royal Indian Navy during World War-II. Post India becoming a Republic, the unit was renamed as INS Valsura on 01 July 1950. Thereon, INS Valsura has transformed itself into an epitome of professional technical training and has exponentially grown to keep pace with the Indian Navy`s modernisation plans.

The unit has always stayed ahead of the curve to equip the officers and sailors of the Indian Navy with requisite skill-sªs to maintain and ensure combat worthiness of the increasingly complex weaponry and electronic systems besides keeping pace with the advancements in Information Technology. The unit imparts quality training on contemporary and niche technologies through progressive augmentation of training infrastructure. Sªting up of Artificial Intelligence, Big Data and Medium Voltage labs in the recent years exemplify its quest for technological excellence in contemporary technology also in training officers and sailors.

Overall, the establishment conducts more than 262 courses an year and has an annual training throughput of more than 750 officers and 4200 sailors. INS Valsura has also emerged as the preferred training destination for our Friendly Foreign Navies. 1800 trainees from 15 Friendly Foreign Navies have been trained till date from this premier institution.

As part of social outreach programmes in the Saurashtra region, INS Valsura has initiated a number of welfare measures. The re-building of Navy Moda village post devastating earthquake of 2001, was a commendable effort towards community service. In September 2021, during the floods in Jamnagar, over 400 citizens, including the elderly, ladies and children, were rescued by the teams of INS Valsura.

On this landmark event, the Hon`ble President of India congratulated the officers and sailors of INS Valsura and commended them for their professionalism and dedication to safeguard our maritime borders. He also congratulated the personnel of INS Valsura, both past and present for the meritorious service rendered to the nation for the past 79 years. Speaking on this occasion, he lauded the sustained efforts by the unit, towards meªing the national objectives and producing compªent sea warriors.

He further highlighted the vital role of the Indian Navy as the 'Preferred Security Partner` in the Indian Ocean Region and urged the men in whites to continue their selfless and dedicated service to the nation. The Hon`ble President wished all personnel of INS Valsura, encouraging them to reach even greater heights in the era of rapidly changing technology.

A special postal cover was also released by the Hon`ble President to commemorate the occasion. The award of President`s Colour marks a very important milestone in the history of INS Valsura. The President`s Colour shall be proudly displayed and carried at all Ceremonial Parades at INS Valsura, in accordance with Naval traditions. It`s a symbol of yeoman service rendered and would motivate the officers and men of the Indian Navy.

## એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈ

# કોટનમાં ઉછાળોઃ રબર ઢીલુઃ મેન્થા તેલમાં સુધારોઃ બુલડેક્સ વાયદામાં ૭૦ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૬૨૦ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૩૫ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૭,૨૮૫ સોદાઓમાં કુલ રૂ.૧૩,૬૪૮.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના માર્ચ વાયદામાં ૭૦ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના એપ્રિલ વાયદામાં ૬૨૦ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના એપ્રિલ વાયદામાં ૩૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૯,૯૧૪ સોદાઓમાં કુલ રૂ.૩,૧૧૯.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૦૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૧૦૦ અને નીચામાં રૂ.૫૧,૮૧૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૬ ઘટી રૂ.૫૧,૮૫૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૯ ઘટી રૂ.૪૧,૩૭૭ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૫,૧૫૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૯૨૪ના ભાવે ખૂલી, રૂ.૧૮૭ ઘટી રૂ.૫૧,૬૫૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૬૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૬૬૩ અને નીચામાં રૂ.૬૯,૧૧૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૪૧ ઘટી રૂ.૬૯,૧૭૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૦૮ ઘટી રૂ.૬૯,૨૯૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૨૪ ઘટી રૂ.૬૯,૨૭૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૬૯૩ સોદાઓમાં રૂ.૧,૪૨૧.૫૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ વધી રૂ.૨૮૪.૧૫ અને જસત માર્ચ વાયદો રૂ.૧.૪૫ વધી રૂ.૩૩૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૩.૫૫ ઘટી રૂ.૮૦૯.૨૦ અને નિકલ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨૬૭.૧ વધી રૂ.૨,૫૯૨.૪૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૮૦ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૧,૬૯૨ સોદાઓમાં કુલ રૂ.૪,૬૩૮.૮૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૬૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૬૨૪ અને નીચામાં રૂ.૮,૩૩૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૬૧ ઘટી રૂ.૮,૪૦૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૪૧૬ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૯૮૮ સોદાઓમાં રૂ.૨૪૬.૬૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન માર્ચ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૦,૬૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૧,૦૫૦ અને નીચામાં રૂ.૪૦,૫૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૯૦ વધી રૂ.૪૧,૦૫૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૫૭ ઘટી રૂ.૧૬૮૬૫ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૯૦ વધી રૂ.૧૦૨૨.૭૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૧,૯૭૮ સોદાઓમાં રૂ.૧,૮૧૭.૦૬ કરોડનાં ૩,૪૯૨.૬૭૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૭,૯૩૬ સોદાઓમાં કુલ રૂ.૧,૩૦૨.૮૭ કરોડનાં ૧૮૭.૭૨૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૭,૩૭૬ સોદાઓમાં રૂ.૨,૮૧૯.૬૯ કરોડનાં ૩૩,૩૧,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪,૩૧૬ સોદાઓમાં રૂ.૧,૮૧૯ કરોડનાં ૪૩૬૫૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૫૩૦ સોદાઓમાં રૂ.૨૨૭.૨૧ કરોડનાં ૫૫૩૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૪૪૭ સોદાઓમાં રૂ.૧૯.૧૬ કરોડનાં ૧૮૨.૫૨ ટન, રબરના વાયદાઓમાં ૧૧ સોદાઓમાં રૂ.૦.૨૫ કરોડનાં ૧૫ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૫,૪૯૫.૩૩૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૯૨.૭૫૨ ટન, ક્રૂડ તેલમાં ૮૩૨૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૧૦૧૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૯૦૫૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૮.૦૪ ટન, રબરમાં ૫૧ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૮૩૧ સોદાઓમાં રૂ.૬૮.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૦૬ સોદાઓમાં રૂ.૬૫.૭૬ કરોડનાં ૮૫૮ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૧૯ સોદાઓમાં રૂ.૨.૨૧ કરોડનાં ૨૦ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૬ સોદાઓમાં રૂ..૬૫ કરોડનાં ૬ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૫૬૨ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૪૩ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૪૧ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ એપ્રિલ વાયદો ૮,૭૩૦ના સ્તરે ખૂલી, ઉપરમાં ૮,૭૩૦ અને નીચામાં ૮,૬૯૫ના સ્તરને સ્પર્શી, ૩૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૪ પોઈન્ટ ઘટી ૮,૭૧૭ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૩૪૯ના સ્તરે ખૂલી, ૭૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૪ પોઈન્ટ ઘટી ૧૫,૨૯૮ના સ્તરે અને મેટલડેક્સએપ્રિલ વાયદો ૨૧,૮૫૦ના સ્તરે ખૂલી, ૬૨૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯૫ પોઈન્ટ વધી ૨૧૯૬૨ ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૩૫૧૬૭ સોદાઓમાં રૂ.૪,૧૫૩.૫૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨૯.૦૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧.૯૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૮૨૪.૦૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૭.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૭૩.૪૫ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૫૭૨.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૭૨.૪૦ અને નીચામાં રૂ.૪૪૧.૨૦ રહી, અંતે રૂ.૧૦૭.૯૦ ઘટી રૂ.૪૭૪.૬૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૨૩.૫૦ ઘટી રૂ.૦.૫૦ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૪.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૬.૯૦ અને નીચામાં રૂ.૩૦ રહી, અંતે રૂ.૦.૭૦ વધી રૂ.૩૫.૪૫ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૮૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૬.૧૦ અને નીચામાં રૂ.૩૮૧ રહી, અંતે રૂ.૯૪.૭૦ વધી રૂ.૪૭૫.૭૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૧૩.૫૦ ઘટી રૂ.૧.૫૦ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૭.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૭.૯૦ અને નીચામાં રૂ.૨૨.૧૦ રહી, અંતે રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૫ થયો હતો.

# ગાંધીનગરમાં હજારોની સંખ્યામાં આદિવાસી અને ખેડૂતોનો આક્રમક વિરોધ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરમાં આજે વિરોધનો માહોલ જોવા મળ્યો હતો. એક તરફ પાર-તાપી લીંક યોજનાનો વિરોધ ગાંધીનગર પહોંચ્યો. તો બીજી તરફ, પૂરતી વીજળી ન મળતા ખેડૂતો આક્રમક મોડમાં આવીને ગાંધીનગર પહોંચ્યા છે. જેને કારણે ગાંધીનગર લશ્કરી છાવણીમા ફેરવાઈ ગયુ છે. એક તરફ આદિવાસીઓ અને બીજી તરફ ખેડૂતોનો વિરોધ આક્રમક બન્યો છે.

દક્ષિણ ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાપી પાર નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે, જેનો વિરોધ સ્થાનિક આદિવાસીઓ દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે આ વિરોધ આજે ગાંધીનગર પહોંચ્યો હતો. હજારોની સંખ્યામાં આદિવાસીઓનું ટોળુ ગાંધીનગર પહોંચ્યુ હતું.

તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ સહિત આદિવાસીઓનાં પડતર પ્રાણ પ્રશ્નો અને માંગણીઓને લઈને કોંગ્રેસ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આદીવાસી સંમેલન યોજીને ભાજપા સરકારને ઘેરવા એકઠા થયા હતાં છે.સત્યાગ્રહ છાવણીમાં આદિવાસી સમાજના અધિકારો માટે સંમેલન યોજાયુ હતું તાપી પાર યોજનાના વિરોધ હેઠળ કોંગ્રેસ આદિવાસીઓને એકત્રિત કરી રહ્યું છે. કોંગ્રેસના આદિવાસી ધારાસભ્યો સહિતના નેતાઓ આ સત્યાગ્રહમાં જોડાયા છે. જેમાં જગદીશ ઠાકોર, સુખરામ રાઠવા સહિતના નેતાઓ ઉપસ્થિત જોવા મળ્યા. આદિવાસીઓના વિરોધને પગલે ગાંધીનગરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો છે. આદિવાસી વિરોધી નીતિઓ અંગે કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહાર કર્યા કે, વિકાસકાર્યો માટે પોતાની જમીન ના આપવા આદિવાસીઓ મક્કમ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







બાબુ સંગાડા "મહેક"
NOG SS No : 109
વિષય :-સબંધો
પ્રકાર :.પધ
શિર્ષકઃ-દોસ્તો મુખ ફેરવી ઉભા છે.

તલવાર જેમ વિંઝાતા
સબંધો,
કયારેક તડપાવે,કયાંરેક કાપી નાખે,
ને કોઈવળે સવર્ધન કરે,
બસ મારી આગળ પાછળ.
હું વસંતના કેસૂંડા જોવો,
મારામાં ડૂંબી પીધા કરું,
પેલા આવતા પ્રહારો,
યુધ્ધ મેદાને લડતો ચૌધ્ધો થઈ.
વાયરાના ઝોંકા જેવા,
ચક્રવાકો ઊભા થાય,
કોઈ તરછોડે,હડધૂતે,
ત્યારે ઊભા થતા ઝેરના મોજા,
હું નિલકંઠ બની પીધા કરું.
મારા પર કિંચડ ઉડાડે,
કોઈ ઊતારે,
દ્વિ વિચારધારાના કારણે,
હું જાતને મઠારું સળગતી હોળીઓ વચ્ચે,
મારી હસ્તરેખાના નકશા પર,
ત્યાંરે શેરીઓ ભરી દુશ્મનો તાળિયો પાડે,
ને દોસ્તો મુખ ફેરવી ઉભા છે.

બાબુ સંગાડા"મહેક",હાલોલ

---

N.O.G. S. S. No. 0102.
નામ :- રતીલાલ વાયડા
વિષયઃ- સંબંધો/લાગણીઓના મેણા ટોણા.
પ્રકારઃ-ગધ. ( મૌલિક લેખ.)
શીર્ષકઃ-સંબંધોમાં શાબ્દિક પ્રહારો દ્વારા મેળા ટોણા.
તારીખઃ- ૨૫/૩/૨૦૨૨.શુક્રવાર.
રચનાઃ-

આપણેસમાજ અને કુટુંબમાં એકબીજાની સાથે લાગણીઓનાંસંબંધોથીજોડાયેલા છીએ.વાણી દ્વારાવિચારોની અભિવ્યક્તિથી આપણા સંબંધો ટકી રહે છે. આપણા બોલાયેલા શબ્દોકોઈનાજીવનમાંશાંતિ,સ્વસ્થતા અને આનંદમાં વધારો કરે છે. જ્યારે કેટલીક વાર શબ્દો કોઈ ના હૃદય સુધી પહોંચી જાય છે અને તેને તીરની જેમ ખૂંચે છે તેના જીવનમાં અશાંતિ પેદા કરે છે.

ખાસ કરીને કુટુંબમાં રહેતા વ્યક્તિઓ તરફ જે શબ્દોનો આપણે પ્રયોગ કરીએ છીએ તે માટે આપણે પૂરી સાવધાની રાખવી જોઈએ. કુટુંબજીવન સમર્પણની ભાવના ઉપર રચાયેલું માળખું છે .આપણા શબ્દો તેઓના જીવનમાં પ્રાણ પૂરી શકે છે તેમજ તેઓને નિરાશાની ગર્તામાં પણ મૂકી શકે છે.

કુટુંબના વ્યક્તિઓમાં ઉંમર , શિક્ષણ, ક્ષમતા, વગેરે અલગ અલગ હોય છે. ઘણા લોકો કુટુંબમાં જ ઈર્ષા, અદેખાઈ , દ્વેષભાવ રાખીને કુટુંબીજનો સાથે ગેરવર્તન કરતા હોય છે અને તેઓને દુભવતા હોય છે. પરિણામે કુટુંબ દુઃખી થાય છે અને તૂટવા લાગે છે.

કુટુંબ ,સમાજ, દેશ, વગેરે તરફ સમર્પણ અને ત્યાગ ભાવના રાખો .બલિદાન દેવાની તત્પરતા રાખો. તમે તેઓની સેવા માટે જ છો. તેવો ભાવ રાખો અને તમારા મોઢામાંથી એવા શબ્દોનો પ્રયોગ કરો કે જેથી તમામનું ભલું થઈ શકે. સુખ ,શાંતિ અને પ્રગતિ થાય.

તમારા કટુ વચન તમને વ્યાજ સહિત જ પાછા મળશે તે વાત પણ ન ભૂલવી જોઈએ.

સંબંધો અને લાગણીઓમાં મેળા ટોણાંનો ત્યાગ જીવન જીવવાનો આ એક જ સાચો માર્ગ છે . સારા શબ્દો દ્વારા બીજાના જીવનને હંમેશા હુંફ આપતા રહો તેઓને આગળ વધવામાં મદદ કરો ઉદારતા રાખો સુખી અને શાંતિથી જીવન જીવવાનો આ એક જ સાચો માર્ગ છે.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.

# આદિ ગુરૂ શંકરાચાર્યજીની સંસારને ચેતવણી

×ભજ ગોવિંદમ ભજ ગોવિંદમ ભજ ગોવિંદમ મૂઢમતે× આ આદિ શંકરાચાર્યજી મહારાજનું પ્રસિધ્ધ સ્ત્રોત છે.એકવાર એક વ્યક્તિ મૃત્યુથી બચવા માટે આ મંત્રનો જપ કરી રહ્યો હતો.આચાર્યશ્રી ત્યાંથી પસાર થઇ રહ્યા હતા તો તેમને સમજાવ્યું કે હે મુરખ ! મંત્રથી ક્યારેય મૃત્યુનો ભય દૂર થતો નથી.તું એક નિરાકાર પ્રભુ પરમાત્મા બ્રહ્મ ગોવિંદને ભજ ત્યારે જ યમરાજાના ચુંગુલમાંથી બચી શકીશ.

જે માનવ સત્યને છોડીને અસત્યમાં લાગેલા છે,જેને માયા ઠગીનીએ ઠગ્યા છે,જે અપરીવર્તનશીલને ભુલીને પરીવર્તનશીલમાં ભટકે છે,ક્ષણભંગુરના નામમાં અટકી ગયા છે,જે શિતલ જળથી પોતાની તરસ છીપાવવાના બદલે પાણીને એકત્ર કરવામાં વ્યસ્ત છે,સ્વપ?નમાં મસ્ત છે અને મૃત્યુથી ત્રસ્ત છે એવા માનવો માટે શંકરાચાર્યજીએ મૂઢ શબ્દનો પ્રયોગ કર્યો છે.આદિ શંકરાચાર્યજી એક નિરાકાર બ્રહ્મને જાણતા તથા માનતા હતા.સંસારમાં આજસુધી જેટલા પણ બ્રહ્મજ્ઞાની તત્વદ્રષ?ટા સિધ્ધ મહાપુરૂષો થઇ ગયા તે તમામ એક નિર્ગુણ નિરાકાર બ્રહ્મના ઉપાસક હતા.

શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન કહે છે કે પ્રકૃતિ અને પુરૂષનો સ્વામી પરબ્રહ્મ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર,સર્વ તરફ આંખ,મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે કેમકે સંસારમાં એ સૌને વ્યાપીને સ્થિત છે.(૧૩/૧૩)

પરમાત્માને ફક્ત માનવાથી કામ ચાલતું નથી.માનવું એ કલ્પના હોય છે, અસત્ય હોય છે અને જાણવું એ જ્ઞાન હોય છે,વાસ્તવિકતા હોય છે.આજે સૌથી વધુ પ્રમાણમાં લોકો પરમાત્માને જાણીને નહી પરંતુ માનીને ચાલે છે.જયારે તુલસીદાસજીએ કહ્યું છે કે ×જાને બિનુ ન હોઇ પરતીતિ,બિનુ પરતીતિ હોઇ નહિ પ્રીતિ× જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી,વિશ્વાસ પ્રાપ?ત થાય વિના પ્રીતિ થતી નથી અને પ્રીતિ પ્રાપ?ત થયા વિના ભક્તિમાં દ્રઢતા થતી નથી. સિયારામ મય બસ જગ જાની કરહું પ્રણામ જોરી જુગ પાની તેમને ×જાની× ના બદલે ×માની× નથી લખ્યું કેમ? કારણ કે તે જાણતા હતા કે જાણવામાં અને માનવામાં સત્ય-અસત્ય,દિવસ-રાત અને આકાશ-પાતાળ જેટલું અંતર છે.

સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ ×અવતારવાણી×માં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કે વિના દેખે મન ના માને મન માન્યા વિના પ્રેમ નહી,પ્રેમ વિના ના ભક્તિ થાયે ભક્તિ વિના ઉધ્ધાર નહી.ગુરૂ દેખાડે ગુરૂ મનાવે ગુરૂ જ પ્રેમ શિખવાડે છે,ગુરૂ વિનાની ભક્તિ નકામી,જીવન વ્યર્થ ગુમાવે છે.સદગુરૂના ચરણોમાં આવી ઇશ્વરની ઓળખાણ કરો ×અવતાર× ગુરૂની કૃપાળુ દ્રષ?ટ્રિ જીવનનું કલ્યાણ કરે.

જ્ઞાન મળે ક્યાંથી? આ વિષયમાં શંકરાચાર્યજી પોતાના ગ્રંથોમાં બતાવ્યું છે કે કોઇ શ્રોત્રિય બ્રહ્મનિષ?ઠ સદગુરૂની શોધ કરો જે આપણને વિનમ્રતા શિખવાડીને પ્રભુ પરમાત્માનાં દર્શન કરાવે ત્યારબાદ પોતાના ગુરૂના ચરણ કમલોના ભક્ત બની જઇએ કેમ કે જ્ઞાનની પ્રાપ?તિ થયા બાદ જ ભક્તિનો ઉદય થાય છે.બ્રહ્મની પ્રાપ?તિ થયા બાદ જ ભ્રમોની સમાપ?તિ થાય છે.કલ્યાણની પ્રાપ?તિ માટે સંત સેવા અને પોતાના ગુરૂની આજ્ઞાનું પાલન પરમ આવશ્યક છે.ગુરૂ પાસેથી જ્ઞાન લઇ પ્રભુ પરમાત્માનાં કણકણમાં દર્શન કરવાના છે.અંધકારમાંથી પ્રકાશમાં લાવે અથવા જે આત્મિક અજ્ઞાનતાને દૂર કરી આત્મિક બોધ,સ્વંયમનું જ્ઞાન કરાવે તેમને સદગુરૂ કહેવામાં આવે છે.

વર્તમાન સમયમાં ગુરૂ માટે સદગુરૂનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.જયારે પુરાતન ગ્રંથોમાં ગુરૂ શબ્દનો જ પ્રયોગ કરવામાં આવેલ છે તેનું કારણ એ છે કે જેમ અમારા પૂર્વજો દેશી ઘી ને જ ઘી કહેતા હતા પરંતુ જયારથી બનાવટી ઘી બજારમાં આવ્યું છે ત્યારથી ઘી શબ્દની આગળ દેશી ઘી કહેવું આવશ્યક બન્યું છે.જેથી બનાવટી ઘી અને દેશી ઘી ની ઓળખાણ થઇ શકે તેવી જ રીતે જ્યારથી બનાવટી પાખંડી ગુરૂઓ ફુટી નિકળ્યા છે ત્યારથી ગુરૂની આગળ સત શબ્દ લગાવવો આવશ્યક થઇ ગયું છે.સદગુરૂ એટલે સત્ય પરમાત્માને જાણવાવાળા હોય અને શરણે આવેલા જિજ્ઞાસુ ભક્તોને સત્ય પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે.જે ફક્ત કોઇ મંત્ર તીર્થ હવન



પુસ્તક સ્થાન મૂર્તિ વગેરે નાશવાન વસ્તુઓની સાથે જોડે છે તેમને સદગુરૂ કહેવામાં આવતા નથી.

ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ માનવ જીવનનો વાસ્તવિક ઉદેશ્ય છે.ઈશ્વરે અમોને મનુષ?ય જન્મ પ્રભુ ભક્તિના માટે જ આપ?યો છે પરંતુ અમો આ સંસારમાં આવીને અહીના સાંસારીક કાર્યોમાં પોતાને એટલા બધા લીન કરી બેઠા છીએ કે જીવનના વાસ્તવિક ઉદેશ્ય સેવા સુમિરણ સત્સંગ ભજનના માધ્યમથી ઈશ્વરની પ્રાપ?તિ કરવાનું ભુલી ગયા છીએ.સદગુરૂ આ ધરતી ઉપર ઈશ્વરનો દૈવી પ્રતિનિધિ હોય છે કે જેના માધ્યમથી જ અમારા જેવા અજ્ઞાની જીવો અમારા આત્માને ઈશ્વરરૂપી સાગરમાં લીન કરી શકીએ છીએ. આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ?તિના માટે સમયના સદગુરૂના શરણમાં જવું અનિવાર્ય છે.મનુષ?ય ગમે તેટલા પ્રયત્નો કરે તેમ છતાં સદગુરૂ કૃપા વિના આત્મજ્ઞાન બ્રહ્મજ્ઞાન પ્રાપ?ત થતું નથી.

ધર્મશાસ્ત્રમાં જ્ઞાન પ્રાપ?તિના આઠ સાધનોના માધ્યમથી જ્ઞાન પ્રાપ?તિની પ્રચલિત પ્રક્રિયાનું વર્ણન કરવામાં આવેલ છે.(૧) વિવેક- સત અને અસતને અલગ-અલગ જાણવા એ વિવેક છે.(૨) વૈરાગ્ય- સત અને અસતને અલગ અલગ જાણીને અસતનો ત્યાગ કરવો એટલે કે સંસારથી વિમુખ થવું એ વેરાગ્ય છે.(૩)શમ- વગેરે ષટ્સંપત્તિ શમ દમ શ્રધ્ધા ઉપરતિ તિતિક્ષા અને સમાધાન. મન અને ઇન્દ્રિયોઓને વિષયોમાંથી હટાવવી એ દમ છે.ઈશ્વર,શાસ્ત્ર વગેરે ઉપર પૂજય ભાવપૂર્વક પ્રત્યક્ષથી પણ વધારે વિશ્વાસ રાખવો એ શ્રધ્ધા છે.વૃત્તિઓનું સંસાર તરફથી હટી જવું એ ઉપરતિ છે.શરદી-ગરમી,સુખ-દુઃખ,માન-અપમાન વગેરે દ્રંન્દ્રોને સહન કરવાં તેમની ઉપેક્ષા કરવી તે તિતિક્ષા છે અને અંતઃકરણમાં શંકાઓ ના રહેવી એ સમાધાન છે.(૪)મુમુક્ષતા-સંસારથી છુટવાની ઈચ્છાને મુમુક્ષતા કહે છે.(૫)શ્રવણ-મુમુક્ષતા જાગૃત થાય બાદ પદાર્થો અને કર્મોનો સ્વરૂપથી ત્યાગ કરીને શ્રોત્રિય બ્રહ્મનિષ?ઠ ગુરૂની પાસે નિવાસ કરતા રહીને, શાસ્ત્રોને સાંભળીને તેના તાત્પર્યનો નિર્ણય કરવો તથા તેને ધારણ કરવો તેને શ્રવણ કહે છે.શ્રવણથી પ્રમાણગત સંશય દુર થાય છે.(૬)મનન-પરમાત્માનું યુક્તિ-પ્રયુક્તિઓથી ચિન્તન કરવું એ મનન છે. મનનથી પ્રમેયગત સંશય દૂર થાય છે.(૭) નિદિધ્યાસન-સંસારની સત્તાને માનવી અને પરમાત્માની સત્તાને ના માનવી એ વિપરીત ભાવના કહેવાય છે.વિપરીત ભાવના હટાવવી એ નિદિધ્યાસન છે.(૮) તત્વ પદાર્થ સંશોધન-પ્રાકૃત પદાર્થ માત્ર સાથે સબંધ વિચ્છેદ થઇ જાય અને ફક્ત એક ચિન્મય તત્વ શેષ રહી જાય એ તત્વપદાર્થ સંશોધન છે.

આ પરમતત્વને પ્રાપ?ત કરવાની વિધિ બતાવતાં ભગવાન શ્રી કૃષ?ણજી ગીતા(૪/૩૪)માં કહે છે કે તમામ કર્મો જ્ઞાનમાં સમાપ?તિને પામે છે એ જ્ઞાનને તૂં તત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઇને જાણી લે, એમને યોગ્ય રીતે દંડવત પ્રણામ કરવાથી,તેમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મા તત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્વજ્ઞાનનો ઉપદેશ આપશે.જ્ઞાનના આ માધ્યમથી તૂં તમામ ભૂતોમાં નિઃશેષ ભાવથી પહેલાં પોતાનામાં અને પછી મારા નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં જોઇશ.

નારદજી જ્યારે વૈકુંઠમાં ગયા તો તેમને અંદર જવાની પરવાનગી ના મળી કારણ કે નારદજીને કોઇ ગુરૂ ન હતા.જ્યારે તેમને ગુરૂ ધારણ કર્યા ત્યારે તેમને વેકુંઠમાં પ્રવેશ મળ્યો.વેદ વ્યાસજીના પૂત્ર શુકદેવજીને માતાના ગર્ભમાંથી જ બ્રહ્મજ્ઞાન હતું,એટલા માટે તેમને ગુરૂ ધારણ કર્યા ન હતા તેથી તેમને પણ વૈકુંઠમાં જવાની પરવાનગી મળી ન હતી.પરમપિતા પરમાત્માના રહસ્યની જાણકારીના માટે તેમને રાજા જનકને ગુરૂ ધારણ કર્યા હતા.આમ ગુરૂ તમામના માટે અત્યંત આવશ્યક છે.

ભગવાન વિષ?ણુના અવતાર ભગવાન શ્રી રામે પણ બ્રહ્મર્ષિ વશિષ?ઠજીને ગુરૂ તરીકે ધારણ કર્યા હતા. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ?ણજીએ મહાત્મા સાંદિપનીજીને ગુરૂ તરીકે ધારણ કર્યા હતા.અર્જુનને ભગવાન શ્રી કૃષ?ણજીએ, સ્વામી વિવેકાનંદજીને રામકૃષ?ણ પરમહંસજીએ બ્રહ્મજ્ઞાન આપ?યું હતું. માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે.(૧) સૂચક ગુરૂ-ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે.(૨) વાચક ગુરૂ-વર્ણાશ્રમ ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે.(૩) બોધક ગુરૂ-ફક્ત મંત્ર આપે છે.(૪) નિષિધ્ધ ગુરૂ-સંમોહન મારન વશીકરણ વગેરે તુચ્છ મંત્રોનું જ્ઞાન આપે છે.(૫) વિહિત ગુરૂ-સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.(૬) કારણ ગુરૂ-મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે.(૭)પરમ ગુરૂ-પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે.જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ?ઠ હોય છે.આવા ગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ?યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે. આ બધી વાતો વાંચી પ્રશ્ન થાય કે શું આપની દ્રષ?ટ્રિમાં એવો કોઇ ગુરૂ છે જે સત્ય પરમાત્માની સાથે જોડે અને મને લક્ષચૌરાશીના આવાગમનથી મુક્ત કરી શકે,જેમના ચરણોની ભક્તિ કરવાથી મારૂં જીવન સાર્થક થાય? જો આવી જિજ્ઞાસા હોય તો સંપર્ક કરજો,આપે જિજ્ઞાસા અને વિશ્વાસનું પ્રમાણ આપવું પડશે. શંકરાચાર્યજીએ જિજ્ઞાસાને વેરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી ગરમીનો પારો ઉંચો રહેશે

અમદાવાદ,તા.૨૫

દેશમાં ગરમીએ માઝા મૂકી છે,ધીરે ધીરે ગરમીનો પારો ઉંચે ચડી રહ્યો છે,ગરમી વધવાથી લૂ લાગવાની પણ શક્યતા વધી ગઇ છે,આગામી દિવસોમાં પણ ગરમી ખુબ વધવાની છે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે, આવનાર પાંચ દિવસમાં તાપમાં ઉંચો રહેવાની પ્રબળ શક્યતા જાહેર કરી છે.શનિવારથી રાજયમાં ફરી ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનથી અમદાવાદ સહિત રાજયમાં મિશ્ર વાતાવરણ છે. ગયા અઠવાડિયા કરતા થોડી રાહત મળી હતી. ત્યારે શનિવારથી ગરમી ફરી ૪૦ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી રહ્યું હતું. ૨૬ અને ૨૭ માર્ચના રોજ કેટલાક જિલ્લામાં હીટવેવની આગાહી રહેશે.

રાજયમાં છેલ્લા અઠવાડિયામાં સતત હિટવેવ રહ્યું અને તાપમાન ૪૧ ડીગ્રી સુધી પહોંચ્યું. માર્ચ મહિનામાં જ કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હવે એપ્રિલ મહિનો પણ ભારે રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે ૨૫મી માર્ચથી ગરમીનો બીજો રાઉન્ડની આગાહી કરી છે. જેમાં ૨૫થી ૨૭ માર્ચ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ગીર સોમનાથ, કચ્છ, ભાવનગર, પોરબંદર, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, દીવ, અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ જિલ્લામાં હિટવેવની આગાહી છે. નોંધનીય છે કે, ૨૪ અને ૨૫ માર્ચે અમદાવાદનું તાપમાન અનુક્રમે ૩૮ અને ૩૯ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. ત્યારબાદ તે ૪૦ ડિગ્રીને પાર જવાની સંભાવના છે.



(પંચમહાલ બ્યુરો. દાહોદ )

કોઈના ઘર આગળ કે ખુલ્લામાં પાર્ક કરેલ ટુવીલ , ફોરવીલ યા થ્રી વીલ વાહન ચોરાય તે તો માની શકાય પરંતુ અહીં તો મોડી રાતે દાહોદ જિલ્લાના ગરબાડા પોલીસ! સ્ટેશનના કમ્પાઉન્ડ વોલ તથા દરવાજાવાળા કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી દારૂની હેરાફેરીમાં પકડાયેલ રૂપિયા ત્રણ લાખની કિંમતની તુફાન ગાડી ફરજ પર તૈનાત પોલીસની હાજરીમાં ડુપ્લીકેટ ચાવીથી દરવાજો ખોલી ચાલુ કરી ગરબાડા પોલીસના નાક નીચેથી કોઈ માથાભારે વ્યક્તિ આખે આખી ગાડી ચોરીને લઈ જતા ગરબાડા પોલીસ સ્ટેશનના જેથી સમયે ફરજ પરના પોલીસ કર્મચારીઓની ફરજ નિષ્ઠા સામે અનેક પ્રશ્નાર્થો ખડા થતાં અને પોલીસની આબરૂના લીરેલીરા ઉડી જતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે પ્રાપ્ત વિગત અનુસાર બે દિવસ અગાઉ ગરબાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં પકડાયેલા આરોપી ગરબાડા ના પાટીયાઝોલ ગામના તોરણ ફળિયાના રમેશભાઈ ધુળાભાઈ માવી? જી. જે. ૧૭બી.એન.૦૭૦૬ નંબરની રૂપિયા ત્રણ લાખની કિંમતની તુફાન ગાડી માં રૂપિયા ૨૬૪૦૦ ની કિંમત ના બિયર તીન નંગ ૨૬૪ ભરીને પાટીયાઝોલ ગામે પહોંચતા કરવા ગયો હતો તે દરમિયાન પોલીસની રેડ પડતા અંધારાનો લાભ લઈ તે ગાડી મૂકી નાસી ગયો હતો જેથી ગરબાડા પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના સણદા ગામના શોભાન છત્રસિંહ ગણાવા, રાકેશ છત્રસિંહ ગણાવા, રવજી છત્રસિંહ ગણાવા તથા ગરબાડા ના પાટીયાઝોલ ગામના અનિલ લલ્લુભાઈ ભુરીયા વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પ્રોહિબિશનના મુદ્દામાલ સાથે પકડાયેલ તુફાન ગાડી અસલ ચાવીથી લોક મારી ગરબાડા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પાર્ક કરવામાં આવી હતી જે ગાડી ગત તારીખ ૨૪ ૩ ૨૦૨૨ ના રોજ મોડી રાતના અઢી વાગ્યાના સુમારે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના સણદા ગામનો રવજી છત્રસિંહ ગણાવા ગરબાડા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પ્રવેશ્યો હતો આતો આ સમયે ગરબાડા પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ અધિકારી પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ રાત્રી પેટ્રોલીંગ માં ગયા હતા અને પોલીસ સ્ટેશન માં પી. એસ.ઓ સહિત આંગળીના વેઢે ગણાય એટલા પોલીસ કર્મીઓ પોલીસ સ્ટેશનમાં ફરજ પર તૈનાત હતા તે તકનો લાભ લઈ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પ્રવેશેલ રવજી છત્રસિંહ ગણાવા એ કમ્પાઉન્ડમાં પાર્ક કરેલ પ્રોહિબિશનના ગુનામાં પકડાયેલ તુફાન ગાડી નો દરવાજો તેની પાસે ની ગાડી ની ડુપ્લીકેટ ચાવીથી ખોલી ગાડીમાં બેસી ગાડી સ્ટાર્ટ કરી ગરબાડા પોલીસ સ્ટેશન થી ભાગતા ભાગતા કમ્પાઉન્ડના લોખંડના દરવાજા સાથે ગાડી અથડાવી દરવાજાને રૂપિયા પંદરસો નું નુકસાન પહોંચાડી તુફાન ગાડી લઈને નાસી જવામાં સફળ રહેતા ગરબાડા પોલીસની આબરૂના લીરેલીરા ઉડી જતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે પોલીસ સ્ટેશનના પીએસઓ એ તે સમયે હોમગાર્ડના જવાનોને તુફાન ગાડી ની પાછળ દોડાવ્યા હતા પરંતુ તુફાન ગાડી સુધી પહોંચવામાં હોમગાર્ડ ના જવાનોના હાથ ટૂંકા પડ્યા હતા જેથી પી. એસ. ઓએ સદર ઘટનાની જાણ પીએસઆઈને કરતા તેઓ પેટ્રોલિંગ છોડી પરત પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ પોતાના ઉપરી અધિકારીઓને કરતા જિલ્લામાં તમામ નાકાઓ સીલ કરી દેવામાં આવ્યા હતા અને તપાસ હાથ ધરવામાં આવી હતી પરંતુ તેનું સકારાત્મક પરિણામ ન આવતા આખરે ગરબાડા પોલીસે સદર ઘટના અંગે કે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે બોક્સઃ- ગરબાડા પોલીસ સ્ટેશનમાં ગત મોડી રાતે ફરજ પર તૈનાત જવાબદાર પોલીસ કર્મીઓની હાજરીમાં એક વ્યક્તિ આવી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં લોક કરીને મુકેલ પ્રોહીબીશન ના ગુનામાં પકડાયેલ તુફાન ગાડી ડુપ્લીકેટ ચાવીથી ખોલી સ્ટાર્ટ કરી પોલીસના નાક નીચેથી ચોરી લઈ જઈ પોલીસની આબરૂના ધજાગરા ઉડાડતા ફરજ પર હાજર પોલીસની ફરજ નિષ્ઠા સામે અનેક પ્રશ્નાર્થ ખડા થયા છે જો પોલીસ સ્ટેશનમાં પોલીસની હાજરીમાં જ પાર્ક કરેલ ગાડીના ની સલામતી નથી તો પછી આમ નાગરિક ના વાહનો ની સલામતી કેટલી? તેવા અનેક પ્રશ્નો જનમાનસમાં ઉદભવી રહ્યા છે ત્યારે જવાબદાર પોલીસ અધિકારી પાસે આ પ્રશ્નોના જવાબો છે ખરા?

## ડાંગ જિલ્લામા વનરક્ષકની લેખિત પરીક્ષા સંદર્ભે પ્રતિબંધાત્મક આદેશ જારી કરાયા:

આહવાઃ તાઃ ૨૫:

ગુજરાત યુનિવર્સિટી પ્રોફેશનલ પરીક્ષા સમિતિ, પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ દ્વારા આગામી તા.૨૭/૦૩/૨૦૨૨ના રોજ વનરક્ષક સંવર્ગ-૩ની જગ્યાઓ માટે લેવાનાર લેખિત પરીક્ષા માટે, ડાંગ જિલ્લાના નીચે દર્શાવ્યા મુજબના કુલ-૯ પરીક્ષા કેન્દ્રો નિયત કરવામા આવ્યા છે.

જે મુજબ, દિપદર્શન હાઈસ્કૂલ-આહવા, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-આહવા, આશ્રમ વિદ્યાલય-આહવા, તાલુકા પ્રાથમિક શાળા-આહવા, સરકારી વિજ્ઞાન કોલેજ-આહવા, માધ્યમિક શાળા-પિંપરી, તથા એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-બારીપાડા, ઉપરાંત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ-માલેગામ યુનિટ-૧ તથા યુનિટ-૨ની ચારે તરફના ૧૦૦ મીટરના ત્રિજ્યા વિસ્તારમા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સુપેરે જળવાઇ રહે, પરીક્ષાર્થીઓ નિર્ભિકપણે પરીક્ષા આપી શકે, તે માટે ડાંગ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પી.એ.ગામિત દ્વારા તા.૨૭/૦૩/૨૦૨૨ના રોજ સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન ચાર કે તેથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા, સભાઓ ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. સાથે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા કે અફવાઓ ફેલાવવા ઉપર પણ પ્રતિબંધ લાદવામા આવ્યો છે. પરીક્ષા કેન્દ્રોમા મોબાઈલફોન સહિતના વિજાણુ યંત્રોનો ઉપયોગ નહીં કરવા સહિત આસપાસના ઝેરોક્ષ સેન્ટરો પણ ચાલુ નહીં રાખવાના આદેશ કરાયા છે. આ પ્રતિબંધિત હુકમ માંથી આવશ્યક સેવા સાથે સંકળાયેલા ફરજ પરના કર્મચારીઓ કે સ્મશાન યાત્રામા જતા વ્યક્તિઓને મુક્તિ આપવામા આવી છે.

નરેન્દ્ર પવાર.ડાંગ

